સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

ત્યાગ-સેવા અને સમર્પણનું તત્ત્વ ખૂટી રહ્યું છે,
હ્રયમયી ગયા પાયા પક્ષનું ભાગ્ય ફૂટી રહ્યું છે,
લૂંટી રહ્યું છે સૌ કોઇ સત્તા ને પદનું સામ્રાજ્ય -
હતું સંપ અને શિસ્તનું સંગ્રહન તૂટી રહ્યું છે..
(પક્ષમાં વિખવાદ)

ઐક્ય ના દૂધે
બને છે મેરવણ -
સ્વાર્થ ના સ્વપ્નાં..

પક્ષ પાયામાં,
મહત્ત્વ-આકાંક્ષાની,
લાગી ઉધઇ..

ચિંતન

મણિઃ શાણોલ્લીઢઃ સમરવિજયી હેતિન હતો મદક્ષીણો નાગઃ શરદિ સરિતઃ શ્યાન પુલિનાઃ ।
કલાશેષ ચંદ્રઃ સરતમૃદિતા બાલ લલના સ્તનિમ્ના શોભન્તે ગલિત વિભવાશ્ચાર્થિષુ જનાઃ ॥

સરાણ પર ચઢેલા મણિ પર પહેલ પડ્યાનો કાપ હોય છતાં પણ તે શોભે છે. યુદ્ધ મેદાનમાં યુદ્ધ કરી વિજય મેળવેલો યોદ્ધો ભલે ઘાયલ થયેલો હોય પાટા-પીંડી કરેલાં હોય છતાં તે વીરપુરૂષ હોવાથી શોભે છે. મદ ઝરતો હાથી ક્ષીણ થયા પછી પણ શોભે છે. ચોમાસામાં ભરપૂર વહેતી નદી, શરદઋતુ આવતાં બંને કાંઠે સૂકાઇ મધ્યમાં છીછરાં છતાં સ્વચ્છ-નિર્મળ જળ સાથે વહેતી હોય ત્યારે વધારે શોભાયમાન લાગે છે.

એક પૂનમની સોળે કલાએ ખીલેલો પૂર્ણ ચંદ્ર-જ્યારે વદની ચૌરસના માત્ર બીજનાં ચંદ્ર જેવો દેખાય છે છતાં તે શોભે છે.

રતિક્રિડામાં સ્વેચ્છાએ રત થયેલી નવવધુ કિશોરી પોતાના પતિ-પ્રેમી દ્વારા મર્દન કરાયેલી રાતો આંખ-ગાલવાળા શરીર છતાં વિંખાયેલી વાળની લટો અને પિખાયેલા વસ્ત્રો છતાં પણ એ દેખાવે અતિ સુંદર લાગે છે.

એવો સમૃદ્ધિવાન - ધનિક માત્ર દાન-પુણ્ય દ્વારા ધન-ખર્ચ કરી ક્ષીણ થયો હોય છતાં તેના ઔદાર્ય - અને દાન પુણ્યના પ્રભાવથી વિશેષ શોભે છે.

સુવિચાર

- **માનવે ઇશ્વરને પૃથ્વી પર અવતરવા પ્રાર્થના કરી અને ઇશ્વરે મા મોકલી- ઉમાશંકર જોષી**
- **દેવ ના થવાય, તો પશુ ના થતા, દેવના થવાયે, તોયે માનવી થાજો- કવિ ન્હાનાલાલ**
- **વિદેશમાં વિદ્યા મિત્ર છે, ઘરમાં પત્નિ મિત્ર છે, રોગી માટે ઔષધ મિત્ર છે- એસ. ભટ્ટાચાર્ય**
- **મૂરખાઓ માટે ચૂપ રહેવું ગુણ છે - સ્વીસ કહેવત**
- **જેટલી વાર આપણે એક મિત્ર ગુમાવીએ છીએ તેટલીવાર આપણું મૃત્યુ થાય છે- માનસ સૂત્ર**
- **બુદ્ધિનાં અતિરેકથી પણ બુદ્ધિશાળી માણસ મૂર્ખ થઇ જાય છે - સોક્રેટીસ**
- **જેનામાં જીવંતતા છે, ગતિ છે, અને ગતિની સાચી દિશા એટલે કે પ્રગતિ છે, તેજ સાચો માણસ છે - રશિયન કહેવત**

બોધ કથા

આજે આપણા વડાપ્રધાનશ્રીની ઇમેજ મૌન-રોબોટ જેવી છે, ચાવી દીધેલ રમકડાં જેવા, હું કંઇ જોતા સાંભળતો બોલતો નથી, ગાંધીજીનાં રમકડાં ત્રિમૂર્તિ જેવી છે. ખાણ-ખનીજ-અન્ન-ટેલિફોન ખાતાં વાળાં પોતાની મરજી મુજબ વર્તે - ગાંડા ઉધલાવે - નિર્દેષ કોઇકનાં હોય! વડાપ્રધાનશ્રી સ્પષ્ટ બોલી ન શકે - મનમાં મૂંઝાય અને આંખ મિંચામણા કરે એટલું જ!!

સરદાર વલ્લભભાઇ પટેલ નાયબ વડાપ્રધાન હતા અને સંરક્ષણખાતું પણ સંભાળતા હતા. એકવાર મુંબઇને કાંઠે નાંગરેલું યુદ્ધ-જહાજની મૂલાકાતે અને નિરીક્ષણ માટે ગયા. મુંબઇના સાગરમાં જહાજ સફર કરતું હતું..

નૌકાદળના જહાજનાં કેપ્ટને દૂરબીન આપી કહ્યું સામે દેખાય છે એ તે ગોવા!

સરદાર પટેલે રમૂજમાં જ કેપ્ટનને પૂછ્યું આપણે અત્યારે જે ગોવાને જીતી લેવું હોય તો આ જહાજમાં પૂરતો દારૂગોળો છે?!

કેપ્ટને કહ્યું, - 'સાહેબ, આ જહાજ માટે તો એ સાવ રમત વાત છે.'

સરદાર પટેલ કહે, 'તો કરી દો હુમલો'

કેપ્ટનની અટક વણઝારા નો'તી - એ કહે 'સાહેબ! એક વાક્યમાં ભલે! પણ મને લેખિતમાં આદેશ આપો!'

સરદાર પટેલ તરત હસી પડ્યા. કહ્યું, 'ના, ભાઇ ના - જવાહર આપણા વડાપ્રધાન છે એમને અંધારામાં રાખી કંઇ જ કરાય નહીં.'

Email - sureshchandrabhatt18@gmail.com

તંદુરસ્ત વાતાવરણમાં જ, સમાયુ છે આપણુ અપેક્ષિત ભાવિ

૧૬મી સપ્ટેમ્બર : ૨૦૧૩ ઓઝોન દિન

સંકલન અને લેખન : નરેશ ઠાકર

સૂર્ય કિરણોના અલ્ટ્રાવાયોલેટ-પારજાંબલી પ્રકારના કિરણોથી પૃથ્વી પરની જીવસૃષ્ટિને માઠી અસરો સામે જીવસૃષ્ટીને પૃથ્વી ફરતે આવેલ ઓઝોનવાયુ પડ કવચનું કાર્ય કરે છે. આ ઓઝોનનો દરેક અણુ ઑક્સિજન તત્વના ત્રણ પરમાણુથી બને છે. ત્રણ દાયકા અગાઉ ધ્યાન પર આવ્યુ હતું કે, આ ઓઝોનવાયુ પડ પાતળુ પડ્યું છે. આ ઓઝોનવાયુ પડને ક્ષીણ કરતા ચોસ પદાર્થોની વૈજ્ઞાનિકોએ ઓળખ્યા અને તેની જાણ આંતરરાષ્ટ્રીય સંસ્થા યુએનને કરવામાં આવી છે.

● તંદુરસ્ત વાતાવરણમાં જ, સમાયુ છે આપણુ અપેક્ષિત ભાવિ.

વિશ્વના દેશોનું સત્તાવાર સંગઠન ગણાતા યુએન- યુનાઇટેડ નેશન્સની પર્યાવરણીય બાબતોની દેખરેખ રાખતી સંસ્થા યુએનઇપી- યુનાઇટેડ નેશન્સ ઍન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સ નામથી જાણીતી સંસ્થાના ઓઝોન મંત્રાલયના ઍક્ઝિક્યૂટિવ સેક્રેટરી માર્કો ગોન્ઝાલેઝના પત્ર તારીખ ૧૧.૬.૨૦૧૩માં જણાવ્યા મુજબ દર વર્ષો ૧૬મી સપ્ટેમ્બરના દિવસને ઓઝોન પડની જાળવણીના આંતરરાષ્ટ્રીય દિન તરીકે ઉજવવામાં આવે છે. - **'A healthy atmosphere, the future We Want'** અર્થાત્ - 'તંદુરસ્ત વાતાવરણમાં જ, સમાયુ છે આપણુ અપેક્ષિત ભાવિ' શિર્ષક હેઠળનું વર્ષ ૨૦૧૨ના ઓઝોનદિનનું વિષયવસ્તુ જાહેર કરવામાં આવ્યું છે. તેઓએ વધુમાં ઊમેર્યું છે કે, વિશ્વ સમક્ષના સર્વસામાન્ય પડકારો સામે આંતરરાષ્ટ્રીય સહકાર કેળવીને સફળતા હાંસલ કરવાની બાબતે મોન્ટ્રીયલ પ્રોટોકોલને પાયાના સીમાચિન્હ્ તરીકે સન્માનવામાં આવી રહેલ છે. મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલીકરણ માકફતે ઓઝોન પડની જાળવણી સાથોસાથ વૈશ્વિક ક્લાયમેટની પણ માવજત થઈ રહી છે. મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલમાં સામેલ વિશ્વની તમામ સરકારી રાજકીય ઇચ્છાશક્તિ, નિષ્ઠા તેમજ સુચારૂ વહીવટને કારણે જ આ સફળતા હાંસલ થઈ શકી છે. સાથોસાથ, હવે વૈશ્વિક અન્ય પડકારોનો સામનો કરવા માટે પણ આત્મવિશ્વાસ વધ્યો છે તથા પરસ્પર ભરોસાનું વાતાવરણ પણ સર્જાયું છે. આમ, તંદુરસ્ત વાતાવરણમાં જ, આપણુ અપેક્ષિત ભાવિ સમાયુ છે તેવો અહેસાસ પણ સૌને થઈ રહ્યો છે.

● મોન્ટ્રીયલ પ્રોટોકોલ શું છે ?

આથી, વર્ષ ૧૯૮૭માં, કેનેડાના મોન્ટ્રીયલ શહેરમાં વિશ્વના ૨૪ દેશોના પ્રતિનિધિઓએ એક અવાજમાં સ્વીકાર્યુ અને જાહેર કર્યું કે, જીવસૃષ્ટિ પર થઈ રહેલ માઠી વિપરીત અસરથી બચવા માટે, આ ઓઝોનવાયુ સામે ખતરારૂપ ચોસ પદાર્થોને વિશ્વમાંથી તિલાંજલી આપીને ઓઝોનવાયુ પડની માવજત કરવા માટે આ દિશામાં નર પગલાં સમય પાકી ગયો છે. પૃથ્વીની સપાટી પર પહોંચતા આ અલ્ટ્રાવાયોલેટ કિરણોને ફિલ્ટર કરીને તેનાથી થતી વિપરીત અસર ખાળી, પૃથ્વી પરની જીવસૃષ્ટિને સુરક્ષિત રાખતા ઓઝોનવાયુ પડની જાળવણીની જરૂરીયાતને સ્વીકારવામાં આવી છે. આ ઓઝોનવાયુ પડનો ઘટાડો કરતા ઓ.ડી.એસ. (ઓઝોન ડિપ્લીટિંગ સબસ્ટન્સિસ) પદાર્થો ક્રમશઃ બંધ કરવા માટે વૈશ્વિક સસ્તરે આકરા નિર્ણયો લેવામાં આવ્યા. પદાર્થો બાબતે મહત્વનો કરાર કરવામાં આવ્યો. આ કરાર ત્યારબાદ મોન્ટ્રીયલ પ્રોટોકોલ તરીકે પ્રચલિત બન્યો.

ઓઝોનવાયુ પડને ક્ષીણ કરતા પદાર્થો ઓ.ડી.એસ. - ઓઝોન ડિપ્લિટિંગ સબસ્ટન્સિસ તરીકે ઓળખવામાં આવતા પદાર્થોના વપરાશ અને ઉત્પાદનને નિયંત્રિત કરવામાં આવ્યો, ત્યારબાદ તેના ઉત્પાદનમાં ક્રમશઃ ઘટાડો કરીને નિયત સમયમર્યાદા અગાઉ તેનું ઉત્પાદન નાબૂદ કરવામાં છેલ્લા બે દાયકામાં નોંધપાત્ર સફળતા મેળી છે. પરિણામે, ઓઝોનવાયુના પડને તેમજ સરવાળે ભાવિ પેઢીને સુરક્ષિત રાખવામાં સહાયભૂત બન્યું છે. તદ્ઉપરાંત, મોસમ પરિવર્તનની સમસ્યા હળવી કરવામાં થઈ રહેલ વૈશ્વિક પ્રયાસોમાં પણ અનુકરણીય યોગદાન પ્રાપ્ત થયું છે. ફળસ્વરૂપે, પૃથ્વી સુધી પહોંચતા પારજાંબલી(અલ્ટ્રાવાયોલેટ) કિરણોનું ઉત્સર્જન(રેડિએસન) સીમિત બની રહ્યું છે, જેથી માનવ સ્વાસ્થ્ય તેમજ પૃથ્વીની પર્યાવરણીય પ્રકૃતિ(ઇકોસિસ્ટમ) સુરક્ષિત બનાવવામાં આંતરરાષ્ટ્રીય સ્તરે પરસ્પર સહકાર અને સહયોગ કેળવવાથી અપેક્ષિત પરિણામો આજે પથદર્શક બની રહ્યા છે. સંગઠન, સહકાર અને સહયોગની તાકાત અનેરી છે.

● ૧૬મી સપ્ટેમ્બરનો જ દિવસ આંતરરાષ્ટ્રીય ઓઝોનવાયુ પડ જાળવણી દિન તરીકે શા માટે ?

વિયેના સંમેલનઃ યુએન-યુનાઇટેડ નેશન્સના ઇતિહાસમાં, "રંભે ૨૪ અને હવે વધીને ૧૯૭ દેશોએ ઓઝોનવાયુ પડને ક્ષીણ કરતા પદાર્થો બાબતે કરેલ મોન્ટ્રીયલ પ્રોટોકોલથી હાંસલ થયેલ સફળતાને આલેખવામાં આવી છે. આ અંગે ઓઝોનવાયુ પડની જાળવણી માટે વિયેના ખાતે સંપન્ન થયેલ સંમેલનમાં કરવામાં આવેલ જાહેરાત મુજબ ઓઝોનવાયુ પડને ક્ષીણ કરતા પદાર્થોનું ઉત્પાદન અને વપરાશ ઘટાડવામાં ૯૭ ટકા સિદ્ધિ હાંસલ થઇ ચૂકી છે. પરંતુ, ઓઝોનવાયુ પડ સંબંધિત કામગીરી હજી ચાલુ રાખવાની તાતી જરૂર છે.

મોન્ટ્રીયલ પ્રોટોકોલમાં કરારબદ્ધ થયેલા તમામ દેશોના સરકારી અને બીનસરકારી સંસ્થાઓની સચોટ વચન પાલનને સન્માનિત કરવાના કેટલાક મુદ્દાઓની થયેલ ઘોષણા નીચે મુજબ છે.

૧. વર્ષ ૧૯૮૭ના ૧૬મી સપ્ટેમ્બરના રોજ ઓઝોનવાયુ પડને ક્ષીણ કરતા ઓ.ડી.એસ. પદાર્થો અંગે થયેલ મોન્ટ્રીયલ પ્રોટોકોલ-કરારની સ્મૃતિમાં, દર વર્ષો ૧૬મી સપ્ટેમ્બરનો દિવસ આંતરરાષ્ટ્રીય ઓઝોનવાયુ પડ જાળવણી દિન તરીકે ઉજવવાની ઘોષણા કરવામાં આવી.

૨. દર વર્ષો ૧૬મી સપ્ટેમ્બરનો દિવસ આંતરરાષ્ટ્રીય ઓઝોનવાયુ પડ જાળવણી દિન તરીકે સફળપણે ઉજવવામાં આવે તે હેતુથી, યુએન-યુનાઇટેડ નેશન્સના મહાસચિવને સદર કામગીરી માટે જરૂરી પગલાં લેવા વિનંતી કરવાનું ની કર્યું.

૩. મોન્ટ્રીયલ પ્રોટોકોલ-કરાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓના હેતુઓ અને લક્ષોને અનુરૂપ રાષ્ટ્રીયસ્તરે સચોટ કાર્યક્રમો યોજવા દરેક દેશને નિમંત્રણ આપવાનું ની કરવામાં આવ્યું છે.

૪. યુએન-યુનાઇટેડ નેશન્સના તમામ સભ્યદેશો દ્વારા આંતરરાષ્ટ્રીય ઓઝોનવાયુ પડ જાળવણી દિનની ઉજવણીના વિભિન્ન કાર્યક્રમો યોજવામાં આવે તે માટે જરૂરી સંસાધનો પુરા પાડવાના રસ્તાઓ દર્શાવવા યુએન-યુનાઇટેડ નેશન્સના મહાસચિવને વિનંતી કરવામાં આવી છે.

જેના ભાગરૂપે, આ કાર્યને આગળ ધપાવવાના ઉમદા હેતુથી યુએન-યુનાઇટેડ નેશન્સની તારીખ ૧૯.૧૨.૧૯૯૪ના રોજ મળેલ સામાન્યસભાના ઠરાવ (ક્રમાંકઃ ૪૯/૧૧૪ ડિસેમ્બર ૧૯૯૪) મુજબ, વર્ષ ૧૯૯૫થી, દર વર્ષો ૧૬મી સપ્ટેમ્બરના દિવસને આંતરરાષ્ટ્રીય ઓઝોનવાયુ પડની જાળવણી માટેના દિવસ તરીકે વૈશ્વિકસ્તરે ઉજવણી કરવાનું જાહેર કરવાની ઘોષણા કરવામાં આવે છે.

સિમ્બોલ-ચિન્હ્ : પૃથ્વીના કુદરતી પર્યાવરણની માવજત માટેના સંબંધિત ચિત્રો, પોસ્ટર્સ, સાહિત્ય, વગેરે પ્રોત્સાહક સામગ્રીમાં સૂર્ય, આકાશ કે પૃથ્વીનું ચિન્હ્ દર્શાવવામાં આવે છે. ઓઝોનવાયુનું પડ ક્ષીણ થતું રોકવા અંગે નિયંત્રણો લાદવાનો "રંભ કરવા માટે મોન્ટ્રીયલ પ્રોટોકોલનો મૂળ કરાર વર્ષ ૧૯૮૭માં થયો હતો. જેથી ગયાવર્ષો ઓઝોનવાયુના પડને ક્ષીણ કરતા પદાર્થો વિ"ાયક થયેલ મોન્ટ્રીયલ કરારના રજતજયંતિ વર્ષ તરીકે પણ ઉજવવામાં આવી હતી.

● મોન્ટ્રીયલ પ્રોટોકોલ-કરારની હાંસલ થયેલ આજદિન સુધીની નોંધપાત્ર સિદ્ધિઓઃ

૧. વૈશ્વિક સાચી ભાગીદારી :

મોન્ટ્રીયલ પ્રોટોકોલ વૈશ્વિકસ્તરે એક માત્ર સાર્વત્રિક બહાલી મળેલ સંધિ થયેલ છે. આ કરાર મારફતે ફલિત થાય છે કે, ઓઝોનવાયુ પડની સુરક્ષા માટે તેમજ વ્યાપકપણે જોતા વૈશ્વિક પર્યાવરણીય સુરક્ષા માટે સમગ્ર વિશ્વ કટિબદ્ધ બન્યું છે.

૨. ઓઝોનવાયુ પડની માવજત :

વૈશ્વિકસ્તરે થતા વૈજ્ઞાનિક અવલોકનો મુજબ ઓઝોનવાયુ પડને ક્ષીણ કરતા પદાર્થોમાં ઘટાડો થઈ રહ્યો છે. આ ઘટાડાની "ક્રિયા હજી ચાલુ છે, તેમ માનવામાં આવી રહ્યું છે. એક અંદાજ મુજબ, મોન્ટ્રીયલ પ્રોટોકોલની તમામ જોગવાઈઓનું પાલન થતાં, વર્તમાન સદીના મધ્યસુધી એટલે કે, વર્ષ ૨૦૫૦ સુધીમાં, વિતેલા વર્ષ ૧૯૮૦ પૂર્વેની સ્થિતિએ ઓઝોનવાયુનું પડ મજબૂત બની જશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સ્વ વિકાસની શોધમાં નીકળેલા નવી પેઢીના માનવીઓ માટે માર્ગદર્શક અને પ્રેરક સ્વાનુભવ આધારિત પ્રશ્નોત્તરી

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આજકાલ સ્વવિકાસ અને સ્વાનુભવ વર્ણનનાં પુસ્તકો ખુબ જ આવી રહ્યાં છે. વ્યક્તિત્વ વિકાસ માટેનાં આવાં પુસ્તકોમાં ઘણાં ભાગે અંગ્રેજી કે અન્ય ભાષામાં લખાયેલાં પુસ્તકોના અનુવાદો પણ વાચકોમાં લોકપ્રિય થઇ રહ્યાં છે. તેના વેચાણ ને ધ્યાનમાં લઇ પ્રકાશકો પણ જથ્થાબંધ કહી શકાય તે ધોરણે આવું જીવનલક્ષી સાહિત્ય પ્રગટ કરી રહ્યા છે. પરંતુ તેમાં કેટલાક અપવાદો પણ હોય છે. કેટલીય વિશેષતાઓ પણ હોય છે. જે આ પ્રકારના ચીલાચાલુ સાહિત્ય કરતાં પોતાનો કોઇ નવો ચીલો ચાતરી ચાલે છે. આવું જ એક પુસ્તક પ્રગટ થયું છે. જેની વાત આજે મારે તમને કરવી છે.

સરકારમાં રહેલા અધિકારીઓ વહીવટની સાથે સાથે પોતાનાં આગવી પ્રતિભાને કારણે વિશિષ્ટ સિદ્ધિઓ પણ હાંસલ કરતા હોય છે. તેઓ વ્યવસાયી લેખક ન હોવા છતાં એમનામાં સાહિત્યપ્રીતિ ઘણી ઉત્કટ હોય છે. ગુજરાતના પ્રથમ પંક્તિનાં લેખકોનાં સાહિત્ય સર્જનના વાચન મનનથી એમનો માનસપિંડ ઘડાયેલાં હોય છે. ત્યારે આવા લેખકમાં આપણા વરિષ્ઠ સાહિત્યકાર ભગવતીકુમાર શર્માને ફાદર વાલેસની છાયા દેખાય છે. કારણ કે આ લેખક પણ પોતાના આ પુસ્તકમાં યુવાનો સાથે પ્રશ્નોત્તરી દ્વારા પોતાની વાત મુકે છે ત્યારે એ ફાધર વાલેસની શૈલીને ઘણી મળતી આવે છે.

હાં હું તમને વાત કરી રહ્યો છું તે પુસ્તકનું નામ છે. 'વિકાસની કેડી, પ્રશ્નોની સીડી' યુવાનોને મુંઝવતા પ્રશ્નો અને યુવાનોના વ્યક્તિત્વને મહેંકાવતા જવાબોની આ પ્રશ્ન ગીતા છે. મહાભારતમાં શ્રીકૃષ્ણે અર્જુનના સવાલોના જવાબો આપીને તેનું દિશા દર્શન કર્યું હતું. તેમ આ પુસ્તકમાં લેખક અને યુવાનોનાં પ્રશ્નોનાં ઉત્તરો આપીને તેમનું દિશાદર્શન કરવાનો ઉમદા અભિગમ દાખવે છે.

'વિકાસની કેડી પ્રશ્નોની સીડી' પુસ્તકમાં યુવાનો દ્વારા પુછાયેલાં ૬૪ જેટલા પ્રશ્નોનાં લેખકે જવાબો આપ્યાં છે. જેમાંથી કેટલાક પ્રશ્નો જોઇએ તો 'નકારાત્મકતામાંથી હકારાત્મકતા કેવી રીતે? સાથીઓને પ્રોત્સાહિત કેવી રીતે કરવા? મંઝીલ પછી શું? બગડેલી છાપ કેમ સુધારવી? મહેનતનો ગુણ કેવી રીતે વિકસાવવો?' શારીરિક ક્ષમતા માટે શું કરવું? નિષ્ફળતાના ડરથી સમજાવવા? પ્રમાણિકતા કેમ જાળવવી? લાલચથી કેમ બચવું? આવા અનેક પ્રશ્નોના જવાબો લેખકે પોતાની શૈલીમાં યુવાનોને ગળે ઉતરી જાય તે રીતે વ્યવહારિક અને સાચી દિશામાં દોરી જાય તે રીતે આપ્યા છે.

યુવાન એટલે આદર્શ, લેખખના મતે યુવાનીને વય સાથે સંબંધ નથી. આદર્શભિમુખ વ્યક્તિ એટલે યુવાન, આદર્શ સેવે, આદર્શ જીવે તે યુવાન.

આ પુસ્તક આવા યુવાનોનું પરિણામ છે. યુવા શિબિરમાં લેખકને પુછાયેલાં પ્રશ્નોના તેમણે તેમનાં વ્યક્તિગત તથા જાહેર જીવનના અનુભવોને આધારે ઉત્તર આપવાનો પ્રયાસ કર્યો છે.

આ પ્રશ્નોને મૂલ્યો વિષે લેખકના મનમાં સ્પષ્ટતા જન્માવી છે. તેમના જીવનકાળ દરમિયાન કેટલાક મહત્ત્વના નિર્ણયો તેમણે કેવા કારણોસર લીધા? તેની પાછલ ક્યાં મુલ્યોનું ચાલક બળ કામ કરતું હતું તેની સ્પષ્ટતા લેખકમાં આ પ્રશ્નોને લીધે થઇ છે. જેના કારણએ લેખકની મૂલ્ય શ્રદ્ધા વધુ દૃઢ બની છે તે વાત લેખક પોતાની પ્રસ્તાવનામાં જણાવે છે.

આ પુસ્તકમાં એમણે જીજ્ઞાસુઓ સાથે થયેલા પ્રશ્નોત્તરને શબ્દસ્થ કર્યા છે. તેમાં સ્વાભાવિક રીતે જ વાર્તાલાપની શૈલી છે. અને સરળ ગમ્ય બોધકતા છે. વળી તેમાં તેમનાં જીવનના અનુભવોની સચ્ચાઇ તો ભારોભાર છે જ. તેમણે પ્રસંગો, અનુભવો વગેરે શોધવા જવું પડે તેમ નથી. કારણ કે તે તો તેમનાં અતિ વ્યસ્ત અને ફરજ પરસ્ત જીવનમાં ખીચોખીચ હાજરાહાજુર મૌજુદ છે. તેમનું આ પુસ્તક સ્વ વિકાસની શોધમાં નીકળેલા વિશેષતા : નવી પેઢીના માનવીઓ માટે માર્ગદર્શન અને પ્રેરક નીવડે તેવા છે. કારણ કે હસમુખ પટેલે પોતે સ્વવિકાસની કેડીના એક સંનિષ્ઠ અને જીજ્ઞાસુ યાત્રી છે. એ શોધમાંથી અત્યાર સુધી તેમને ઘણું લાધ્યું છે.



'વિકાસની કેડી પ્રશ્નોની સીડી' પુસ્તકના લેખક હસમુખ પટેલ ગુજરાતના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ છે. આ અગાઉ તેમનાં જીવન ઘડતર વિષયક પાંચ પુસ્તકો પ્રકાશિત થયાં છે. એમનાં જીવનમાં બહુવિધ અનુભવો અને તેમાંથી ઘડાયેલી તેમની જીવનરીતિનાં મુલ્યવાન તત્ત્વો તેઓ જિજ્ઞાસુઓ અને સવિશેષે યુવાનોમાં ઉત્સાહભેર વહેંચતા રહ્યા છે. આવી સમાજાભિમુખ યુવાનોમાં સેવા માત્ર અન્ય અધિકારીઓ માટે જ નહિં, પણ પ્રજાના બધા વર્ગો માટે પ્રેરક અને માર્ગદર્શક નીવડી શકે તેવી છે. કારણ કે જિજ્ઞાસા જ મનુષ્યને તેના ઇષ્ટ લક્ષ્ય સુધી પહોંચાડી શકે છે. આવો આપણે સૌ હસમુખ ભાઇની આ યાત્રામાં સામેલ થઇએ અને આવું સુંદર પુસ્તક આપવા બદલ હૃદયથી અનિર્ભંદનીએ...

વિકાસની કેડી પ્રશ્નોની સીડી
લેખક : હસમુખ પટેલ
પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨, પૃષ્ઠ - ૨૨૮, કિંમત - રૂા. ૧૦૦/-

એક સ્ત્રી, જેણે પોતાની પીડાદાયક કથા પુસ્તકના પાના પર ઉતારી અને સમગ્ર ભારતના લોકોએ પણ તેને સહર્ષ સ્વીકારી, તો હવે શા માટે તેમના મૃત્યુની હત્યાની વ્યથા માત્ર એક સમાચારની બાબત બનીને રહી ગઈ છે?

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

વર્ષ ૧૯૯૧માં 'નોટ વિધાઉટ માયા ડોટર' નામની એક ફિલ્મ રિલીઝ થાય છે અને પહેલા જ અઠવાડિયામાં એ ફિલ્મ પ્રત્યેક અમેરિકના હૃદયમાં વસી જાય છે. જો કે હોલિવુડની ફિલ્મોમાં સાયન્સ ફિક્શન, સાયકોલોજીકલ થ્રીલર અને સુપરમેનોની અસંખ્ય શ્રેણી ઉપરાંત, માનવીઓની લાગણીઓને સહજતાથી કંડારતી ફિલ્મો આંગળીના વેઢે ગણી ન શકાય એટલી છે, પરંતુ આ ફિલ્મનો વિષય કંઈક ખાસ હતો. મૂળ ઈરાનના રહેવાસી પણ વર્ષોથી અમેરિકામાં સ્થિત એક પુરૂષ સાથે એક અમેરિકન સ્ત્રી લગ્નગ્રંથીમાં જોડાય છે. ત્યારબાદ તે પોતાના પતિ અને નાનકડી બાળકી સાથે બે અઠવાડિયાના ટૂંકા ગાળા માટે ઈરાન જાય છે અને ત્યાં તેને નજરકેદ કરવામાં આવે છે. પોતાના પતિ દ્વારા જ વિશ્વાસઘાત પામેલી અને નાની બાળકી સાથે આ સમગ્ર બંધનમાંથી મુક્ત થવા તે કેટલે હદ સુધીના પ્રયત્નો કરે છે. તેનું દિલધડક આલેખન એ ફિલ્મમાં કરવામાં આવ્યું છે.

ભારતીય કલકત્તા રાજ્યમાં જન્મેલી અને એક અફઘાન બિઝનેશમેન જાનબાઝ ખાન સાથે પરણેલી સુષ્મિતા બેનરજીની અફઘાનિસ્તાનમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. વાસ્તવમાં વાત એમ છે કે સુષ્મિતા બેનરજી નાટ્યાત્મક રીતે અફઘાનિસ્તાનમાંથી ભાગી છૂટી હતા અને વર્ષ ૧૯૯૫માં તેમણે પોતાના આ અનુભવોની આખી કથા એક પુસ્તક 'અ કાબુલીવાલાઝ બેંગાલી વાઈફ' સ્વરૂપે લોકો સમક્ષ મુકી હતી. જે બેસ્ટ સેલર રહી હતી. કેટલાક લોકો હંમેશા 'ખતરો કે ખિલાડી' ટેગને સાર્થક કરવા જીવનમાં અવનવા પ્રયોગો કરતા રહે છે અને સુષ્મિતા બેનરજી પણ તેમાંની એક હતી. મહામહેનતે અફઘાનિસ્તાનમાંથી ભાગી નીકળેલા સુષ્મિતા થોડા સમય પહેલા ફરી પોતાના પતિ સાથે રહેવા અફઘાનિસ્તાન પાછી ફરી હતી. અફઘાનિસ્તાનમાં સુષ્મિતા સયેદ કમલા તરીકે ઓળખાતી અને હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતી હતી. આ ઉપરાંત તે અફઘાનિસ્તાનમાં સ્ત્રીઓની કફોડી હાલતને દુનિયા સમક્ષ લાવવા માટે પણ પ્રયત્નશીલ હતી.

અફઘાનિસ્તાનની સ્થિતિ આપણા સૌથી અજાણ નથી. ત્યાં સ્ત્રીઓની પ્રાણી કરતાં પણ ખરાબ હાલત હોય છે. એ હકીકતથી પણ આપણે માહિતગાર છીએ અને હવે અફઘાનિસ્તાનનો વધુ એક લોહીથી રંગાયેલો બનાવ બહાર આવ્યો છે. અફઘાનિસ્તાનમાં પોતાના પતિ સાથે સ્થાયી થયેલી સુષ્મિતાના ઘરે તાલિબાન ઉગ્રવાદીઓ આવી પહોંચે છે અને તેના પતિ તથા પરિવારના અન્ય સભ્યોને બાંધી, સુષ્મિતાને ઘરની બહાર લઈ જવામાં આવે છે અને ત્યાં એની ગોળી મારી હત્યા કરી દેવાય છે. આ વાત કોઈ પાંચ દસ વર્ષ પહેલાના અફઘાનિસ્તાનમાં બનેલી હત્યાની નથી. આ કિસ્સો વર્ષ ૨૦૧૩ના સપ્ટેમ્બર માસનો ગત સપ્તાહનો છે.

સુષ્મિતાના જીવનની સફર અત્યંત કઠોર અને પરિશ્રમી રહી હતી. જે તેણે લખેલા પોતાના પુસ્તકમાંથી ખૂબ સારી રીતે પ્રતિબિંબિત થાય છે. આ ઉપરાંત તેમણે એક મેગેઝિનના પોતાના જીવનના એ દિવસોને યાદ કરી. કેટલીક અદ્ભુત વાતો આલેખી હતી. વર્ષ ૧૯૮૯માં પહેલીવાર સુષ્મિતા અફઘાનિસ્તાન ગઈ ત્યારે એક હિંદુ માટે ત્યાંની મુસ્લિમ સ્ત્રીઓની જેમ જીવન ગુજારવું ખૂબ કઠિન હતું. એક સ્ત્રી તરીકે ત્યાં એકલવાયું જીવન જીવવું પડતું અને ઘરની બહાર ન જવું તથા પોતાના પતિ સિવાય અન્ય કોઈપુરૂષ સાથે વાત ન કરવી. જેવા અનેક પ્રતિબંધો તેના પર લાદવામાં આવતા. જ્યારે કોઈ સ્ત્રી પોતાના બચપણના સુંદર મહેલને છોડી, એક અજાણી દુનિયામાં પ્રવેશે છે. ત્યારે તેનો પતિ જ સૌથી મોટો સહારો હોય છે. અહીં પણ સુષ્મિતા તેના પતિ સાથે અફઘાનિસ્તાન તો પહોંચી, પણ થોડા જ દિવસોમાં તેના પતિ જાનબાઝ ખાન બિઝનેશ અર્થે ફરી ભારત આવવાનું થયું અને સુષ્મિતાના જીવનની રેખા પલટાઈ ગઈ. વળી, બીજી બાજુ જાનબાઝ ફરી અફઘાનિસ્તાન આવી ન શકે એવી પરિસ્થિતિ સર્જાઈ. અલબત્ત વર્ષ ૧૯૯૩ સુધી પરિસ્થિતિ હજી પણ સહન કરી શકાય એવી હતી. પરંતુ ત્યારબાદ તાલિબાન સત્તા પર આવતા પરિસ્થિતિ ખૂબ જ વણસી ગઈ. તાલીબાનોને સુષ્મિતાની ડિસ્પેન્સરી વિશે જાણ થતાં જ તેના ઘરે પહોંચી, તેમ